### પાદરાના વણછરા ગામે શિક્ષિકાની 'લાલિયાવાડી' સામે જનઆક્રોશ ભડક્યો

## વણછરા ગામમાં રોષે ભરાયેલા વાલીઓએ શાળાને તાળાબંધી કરતાં અફડા તફડી

**બદલી ન** થાય ત્યાં સુધી તાળાબંધી ચાલુ રાખવાની ગ્રામજનોએ ચીમકી

(પ્રતિનિધિ) પાદરા, તા.22

પાદરા તાલુકાના છેવાડે ઢાઢર નદીના કિનારે આવેલી વણછરા ગામની પ્રાથમિક શાળામાં આજે વાલીઓ અને ગ્રામજનોએ ભારે સૂત્રોચાર સાથે શાળાને તાળાબંધી કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. શાળામાં ફરજ બજાવતા શિક્ષિકા મનાલીબેન જોશી દ્વારા બાળકોને યોગ્ય શિક્ષણ ન આપવું, વિદ્યાર્થીઓ સાથે ઉદ્ધત અને અયોગ્ય વર્તન કરવું તેમજ



સહશિક્ષકો અને સ્ટાફ સાથે ગેરવર્તણૂક થતી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા હતા.

ગ્રામજનોના જણાવ્યા મુજબ આ બાબતે તાલુકા કક્ષાથી લઈ જિલ્લા કચેરી સુધી અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી, છતાં લાંબા સમયથી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતા વાલીઓમાં ભારે રોષ ફેલાયો હતો. અંતે આજે વિદ્યાર્થીઓને શાળાની બહાર કાઢી શાળા પર તાળું મારી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધમાં ગામના સરપંચ નિલેશસિંહ પરમાર, ઉપસરપંચ અજીતસિંહ જાદવ, શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ના પ્રમુખ નરેન્દ્રભાઈ પઢિયાર, વાલીઓ, બહેનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. ગ્રામજનોએ સ્પષ્ટ જણાવ્યું હતું કે જ્યાં સુધી શિક્ષિકા મનાલીબેન જોશીની બદલી કરવામાં નહીં આવે અને તેમના સ્થાને અન્ય યોગ્ય શિક્ષિકાની નિમણૂક નહીં થાય ત્યાં સુધી શાળાની તાળાબંધી ચાલુ રહેશે.

### ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ શું કહે છે?

"છેલ્લા છ મહિનાથી શિક્ષણ વિભાગમાં લેખિત અને મૌખિક રીતે ફરિયાદો કરી છે. વિદ્યાર્થીઓના સિલેબસમાંથી પાઠ છોડવામાં આવે છે અને આખો દિવસ હેન્ડ્સફ્રીમાં સમય પસાર થાય છે. જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત છતાં કોઈ કાર્યવાહી ન થતાં આજે તાળાબંધી કરવાની ફરજ પડી." **અજીતસિંહ જાદવ - ઉપસરપંચ.**

"વિદ્યાર્થીઓ કંઈ પૂછે તો ઉદ્ધત જવાબ આપવામાં આવે છે. ટીપીઓ અને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા 20 દિવસનો સમય માગવામાં આવ્યો હતો, પરંતુ 25 દિવસ બાદ પણ કોઈ પગલું ન લેવાતા આજે શાળા બંધ કરવાની નોબત આવી છે. વિદ્યાર્થીઓનું શિક્ષણ બગડી રહ્યું છે." **-નિલેશસિંહ પરમાર - સરપંચ, વણછરા**

### મંદિર વ્યવસ્થાપન મુદ્દે બે પક્ષો વચ્ચે માથાકૂટ, પોલીસ દોડી આવી

## સાવલી : વિટોજ ગામમાં મંદિરની ચાવી મુદ્દે ઉગ્ર વિવાદથી તણાવ

**ગેરકાયદે** રેતી ખનનના ગંભીર આક્ષેપો સાથે મામલો પોલીસ મથકે પહોંચ્યો

(પ્રતિનિધિ) સાવલી, તા.22

સાવલી તાલુકાના વિટોજ ગામમાં મંદિરની ચાવી કોના કબજામાં રાખવી તે મુદ્દે બે પક્ષો વચ્ચે ઉગ્ર વિવાદ સર્જાયો હતો. મામલો માથાકૂટ સુધી પહોંચતા ગામમાં તણાવનો માહોલ સર્જાયો હતો.

આ ઘટનાની જાણ થતાં સ્થાનિક આગેવાનો તથા સાવલી પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે બંને પક્ષોને સમજાવી



પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. હાલ ગામમાં શાંતિપૂર્ણ સ્થિતિ હોવાનું જાણવા મળે છે. વિવાદ બાદ બંને પક્ષો સાવલી પોલીસ મથકે પહોંચ્યા હતા. આ દરમિયાન ગામમાં ગેરકાયદે રેતી ખનન થતું હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. ગ્રામજનોના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા વર્ષોથી ખનીજ માફિયાઓ દ્વારા ગેરકાયદે નાવડીઓ મૂકીને રેતી ખનન કરવામાં આવી રહ્યું છે.

આ સમગ્ર બાબતે સાવલી પોલીસ મથકે લેખિત અરજી આપવામાં આવી છે. પોલીસ દ્વારા મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે તેમજ વિવાદના સ્થાયી અને શાંતિપૂર્ણ નિરાકરણ માટે બંને પક્ષો સાથે ચર્ચા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

### ડભોઈમાં સરદાર બાગ ખુલ્લો મુકાયો



ડભોઈ નગરપાલિકા દ્વારા સરકારની અમૃત ૨.૦ યોજના હેઠળ સરદાર બાગ ના નવીનીકરણ બાદ નગરજનો માટે લોકાર્પણ ડભોઈ ના ધારાસભ્ય શૈલેષ મહેતાના હસ્તે કરવામાં આવ્યું હતું. સરકારની અમૃત ૨.૦ યોજના હેઠળ ૨.૩૬ લાખ ના ખર્ચે સરદાર બાગ નુ નવીનીકરણ કરવામાં આવ્યું હતું ડભોઇ ના નગરજનો માટે આધુનિક બાગ બનાવવામાં આવેલ છે નગરના બાગો ની સંખ્યા ઘટી રહી છે પરંતુ સરદાર બધાજ બાગો ની કસર પુરી કરી આધુનિક બાગ નગરજનો માટે પણ સુપરબાગ પુરવાર થશે આ પ્રસંગે ડભોઈ ના ધારાસભ્ય શૈલેષ મહેતા , નગરપાલિકા ના પ્રમુખ બિરેન શાહ , ઉપપ્રમુખ મનોજ પટેલ, બગીચા સમિતિ ના ચેરમેન સીતા બેન વસાવા, નગરસેવકો ડભોઈ શહેર ભાજપ ના પ્રમુખ દિક્ષિત દવે , પૂર્વ પ્રમુખ ડો.સંદિપ શાહ , પૂર્વ મહામંત્રી અમિત સોલંકી , મહામંત્રી હિરેન શાહ(મહુડી)કિરીટ વસાવા સહિત અનેક આગેવાનો , નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## નસવાડીના જેમલગઢ ગામમાં આલિયાઘોડા ફળિયામાં નલ સે જલ યોજનાનું સૂરસુરિયુ

**લોકો ગ્રામ પંચાયત** ના વોટરવર્ક્સ નું ટીડીએસ વાળું પાણી પીવા મજબૂર

(પ્રતિનિધિ) નસવાડી, તા.22

નસવાડી તાલુકાના જેમલગઢ ગામના આલિયાઘોડા ફળીયામાં 400 જેટલા લોકોની વસ્તી છે અને લોકોને પીવાનું શુદ્ધ પાણી મળે તે માટે ઘરે ઘરે પાણી પહોંચે તે માટે પાણી પૂરવઠા વિભાગ દ્વારા પાણીની ટાંકીઓ બનાવવામાં આવી હતી અને ઘરે ઘરે નળ બેસાડવામાં આવ્યા હતા પરંતુ તેમાં આજદિન સુધી એક પણ ટીપું પાણી પહોંચ્યું નથી. ગ્રામજનોના જણાવ્યા મુજબ પાણી ની ટાંકી થી ગામ સુધી



### રજૂઆત કોઇ સાંભળતુ જ નથી

અમારા ગામમાં પાણી ની ટાંકી બનાવવામાં આવી છે અને ઘરે ઘરે નળ બેસાડવામાં આવ્યા છે તેમાં એક પણ ટીપું પાણી અમને આજદિન સુધી મળ્યું નથી અમે રજૂઆત કરીએ છે તો અમારી રજૂઆત કોઈ સાંભળતું નથી. **-રણછોડભાઈ ભીલ, ગ્રામજન**

પાણી ની પાઈપલાઈન નાખવામાં આવી પરંતુ તે લાઈન માં લીકેજ છે પાણી પહોંચતું નથી જ્યારે વારંવાર રજૂઆત પાણીપુરવઠા વિભાગ ના અધિકારીઓ ને કરવામાં આવી છે પરંતુ અમારી રજૂઆત સાંભળવામાં આવતી નથી ઉનાળાના સમયમાં ગ્રામ પંચાયતના વોટરવર્ક્સ ના બોરના પાણી ના સ્તર નીચા જતા રહે છે અને બોર સૂકાઈ જાય ત્યારે હેડપમ્પ ના સહારે જીવન નિર્વાહ માટે પાણી હેડપમ્પ સીંચી સીંચી લાવવું પડે છે 100 જેટલા પશુઓને ઉનાળા માં પાણી પીવડાવવું ભારે કઠિન થાય છે કોતરો કેનાલો સુકાઈ જાય છે ત્યારે પાણી માટે વલખાં મારવા પડે છે સરકારે પાણી ની સુવિધા માટે નાણા ખર્ચ્યા પરંતુ અધિકારીઓના વાંકે અમને પાણી પાણી મળ્યું નથી અનેક વાર ગ્રામ સભા માં આની રજૂઆત કરી છે પરંતુ અમારી રજૂઆત સાંભળવામાં આવતી નથી હાલ તો અમે દુઃખી છે

## હાફેશ્વર ગામે ધારાસભ્યના હસ્તે આંગણવાડીનું લોકાર્પણ કરાયું

(પ્રતિનિધિ) ક્વાંટ, તા.22

રાજ્યનું છેવાડાનું ગામ હાફેશ્વર ગામે જ્યાં નર્મદા નદી ગુજરાતમાં પ્રવેશે છે. ધારાસભ્ય જયંતીભાઈ રાઠવાના વરદ હસ્તે ગ્રામ પંચાયત કચેરી તેમજ આંગણવાડીનો લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કવાંટ તાલુકાના હાફેશ્વર ગામે ગ્રામજનોની સુવિધામાં વધારો કરવાના હેતુસર જેતપુર પાવી વિધાનસભા વિસ્તારમાં આવેલ હાંફેશ્વર ખાતે નિર્મિત ગ્રામ પંચાયત કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ/ખાતમુહૂર્ત તેમજ નવીન શૌચાલયનું પણ ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત 138 - જેતપુર પાવી વિધાનસભા ના ધારાસભ્ય



જ્યંતિભાઈ રાઠવા છોટાઉદેપુર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રણજીતભાઈ ભીલ પ્રદેશ યુવા મોરચા ના ઉપપ્રમુખ મુકેશભાઈ રાઠવા કવાંટ તાલુકા સંગઠનના પૂર્વ પ્રમુખ વિજયભાઈ રાઠવા હાફેશ્વર ગ્રામ પંચાયત સરપંચ બસંતી બેન જ્યંતી ભાઈ આ કાર્યક્રમમાં ચૂંટાયેલ જનપ્રતિનિધિઓ, સંગઠનના હોદ્દેદારઓ, ગ્રામ્ય આગેવાનઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### અમદાવાદથી પકડાયેલા સંતુના 9 દિવસના રિમાન્ડ લેવાયાં

## વડોદરાના વૃદ્ધનું અપહરણ-ધમકી કેસમાં નિવૃત્ત PIના પુત્રની ધરપકડ

**પિંકી પટેલ** માસ્ટર માઇન્ડ હોવાની શંકા, હજુ 3 આરોપી ફરાર

(પ્રતિનિધિ) શિનોર, તા.22

શિનોર તાલુકામાં યુવતી અને તેના સાગરીતો દ્વારા વડોદરાના એક વૃદ્ધનું અપહરણ કરી ધમકી આપી પૈસા પડાવવાના ગંભીર કેસમાં પોલીસને વધુ એક મોટી સફળતા મળી છે. અપહરણ અને ધમકીના ગુનામાં સંડોવાયેલ સંતુ ઉર્ફે કેતન ત્રિવેદીને અમદાવાદથી ઝડપી લેવામાં આવ્યો છે. પકડાયેલ આરોપી નિવૃત્ત પીઆઈનો પુત્ર હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. કોર્ટ દ્વારા આરોપીના 9 દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.



પોલીસ તપાસ મુજબ પિંકી પટેલ નામની યુવતીએ તેના સાગરીતો સાથે મળી વૃદ્ધ પાસેથી અંદાજે 7 લાખ રૂપિયા પડાવ્યા હતા. વૃદ્ધ એક્ટિવા લઈને પિંકી પટેલ સાથે શિનોર તાલુકાના માલસર ફરવા ગયા હતા. પરત ફરતી વખતે શિનોર રેલવે અંડરપાસ પાસે નકલી પોલીસ બની 9 લાખ રૂપિયાની માંગ સાથે ધમકી આપવામાં આવી હતી.

આ કેસમાં અગાઉ હાર્દિક શેઠની ધરપકડ થઈ ચૂકી છે. એક યુવતી સહિત કુલ 5 ઈસમો સામે શિનોર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાઈ તપાસ ચાલી રહી છે. હાલ માસ્ટરમાઈન્ડ પિંકી પટેલ અને અન્ય બે આરોપી ફરાર હોવાથી પોલીસ તેમને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરી રહી છે.

## બોડેલીમાં "બોડેલી વિઝન મીટ"નું આયોજન કરાયું

બોડેલીને રાજ્યનું આદર્શ વ્યાપારી અને સેવાકીય કેન્દ્ર બનાવવા સૂચનો કર્યા

(પ્રતિનિધિ) બોડેલી, તા.22

છોટાઉદેપુર જિલ્લાનું વ્યાપારી અને સેવાકીય કેન્દ્ર બનેલું બોડેલીને ગુજરાત સરકાર દ્વારા નગરપાલિકા તરીકે જાહેર થતા વિકાસના નવા યુગમાં પ્રવેશ કરી રહ્યું છે. આ ઐતિહાસિક અવસર પર બોડેલીના સર્વાંગી, સમાવેશી અને ટકાઉ વિકાસ અંગે નાગરિકોના વિચાર, સૂચનો અને દષ્ટિકોણ જાણવા માટે બોડેલી વિઝન મીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

બોડેલી વિઝન મીટનો હેતુ જણાવતા કલેકટરે જણાવ્યું કે, બોડેલી વિઝન મીટ એક ખુલ્લું મંચ તથા સંરચિત ચર્ચા તરીકે આયોજન કરવાની કલ્પના છે, જેમાં નાગટિકો તથા વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો બોડેલીના ભાવિ વિકાસ સાટે પોતાના વિચાર, સૂચનો અને અભિપ્રાયો રજૂ કરી કરશે. શહેર વિકાસમાં નાગરિક ભાગીદારી વધારવી, વિકાસના પ્રાથમિક ક્ષેત્રોની ઓળખ કરવી, બોડેલી માટે સામૂહિક દષ્ટિકોણ તૈયાર કરવો, આદિવાસી સંસ્કૃતિ અને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ સમાવેશી વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

બોડેલી વિઝન મીટમાં જિલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલ, સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્ય અભેસિંહ તડવી, રાજેન્દ્રસિંહ રાઠવા, જયંતિભાઈ રાઠવા વિગેરે હાજર રહ્યાં હતાં.

### છોટાઉદેપુરમાં જિલ્લા કક્ષાની રમતોનું આયોજન કરવામાં આવ્યું



ફિટ ઇન્ડિયા, ખેલો ઇન્ડિયા, ફિટ યુવા અને વિકસિત ભારત અંતર્ગત છોટાઉદેપુર લોકસભા 2025 અંતર્ગત સાંસદ ખેલ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાની રમતોનું છોટાઉદેપુર નગરના ખુટાલીયા પોલીસ પરેડ ગ્રાઉન્ડ અને ખુટાલીયા આર્ચરી પોલીસ ગ્રાઉન્ડ ખાતે અલગ અલગ રમતોનું આજે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લીંબુ ચમચી, 100 મીટર દોડ, 200 મીટર દોડ, રસાખેંચ અને વોલીબોલ રમતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખૂબ મોટી સંખ્યામાં ખેલાડીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં સાંસદ જશુંભાઈ રાઠવા, તાલુકા ભાજપ પ્રમુખ રસિકભાઈ રાઠવા, તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ કાળુભાઈ નાયકા, જિલ્લા ભાજપના ઉપપ્રમુખ દિનેશભાઈ રાઠવા સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

### અંદાજે સાડા છ હજારથી વધુ ભાવિકો અને શ્રેષ્ઠીઓ ઉમટી પડ્યા

## પાદરામાં ડો. જ્ઞાનવત્સલસ્વામીની પ્રેરણાદાયી જાહેર સભા યોજાઈ

**'ઉજ્જ્વળ** જીવન તરફ' ડગ માંડવા હજારો ભાવિકો ઉમટ્યા

(પ્રતિનિધિ) પાદરા તા.22

પાદરા મંદિરના રજત જયંતિ મહોત્સવ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના 92મા જન્મ જયંતિ મહોત્સવના ઉપલક્ષમાં પાદરાની પી.પી.શ્રોફ હાઈસ્કુલ ખાતે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત મોટીવેશનલ સ્પીકર ડો. જ્ઞાનવત્સલ સ્વામીની એક વિશિષ્ટ જાહેર સભા યોજાઈ હતી.



આ પ્રસંગે પાદરા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી અંદાજે સાડા છ હજારથી વધુ ભાવિકો અને શ્રેષ્ઠીઓ ઉમટી પડ્યા હતા. આ સભાને સંબોધતા ડો. જ્ઞાનવત્સલ સ્વામીએ ઉજ્જ્વળ જીવન તરફ વિષય પર હૃદયસ્પર્શી માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, આધુનિક યુગમાં માત્ર ભૌતિક સાધનોથી સુખ મળતું નથી, પરંતુ નિર્વ્યસનતા, સેવાભાવ, સંયમ અને સદાચાર જેવા શાશ્વત મૂલ્યો જીવનનો સાચો આનંદ આપે છે., તેમણે વિશેષ રૂપે 'ઘરસભા' દ્વારા પરિવારમાં પરસ્પર પ્રેમ અને સંસ્કારનું વાતાવરણ કેળવવા ભાર મૂક્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ પણ પ્રાસંગિક ઉદબોધન કરી આવા કાર્યક્રમોને યુવા પેઢી માટે દિશાસૂચક ગણાવ્યા હતા.

આ પાવન અવસરે પાદરા સત્સંગ મંડળના પાયાના હરિભક્ત ગટુભાઈ નટુભાઈ વ્યાસના 102 વર્ષના નિષ્ઠાપૂર્ણ જીવન પર આધારિત પુસ્તકનું વિમોચન પૂજ્ય ભાગ્યસેતુ સ્વામી અને ડો.જ્ઞાનવત્સલ સ્વામીના હસ્તે કરવામાં આવ્યું હતું.

### કવાંટના યુવાન દ્વારા એમએસ (ઓર્થો)ની ડીગ્રી મેળવી

(પ્રતિનિધિ) ક્વાંટ, તા.22

છોટાઉદેપુરના કવાંટ તાલુકાના રોડધા ગામના મૂળ



રહેવાસી હાલ રહે કવાંટ ડો.હર્ષ કુમાર મુકુંદભાઈ રાઠવા એમ એસ ઓર્થોપેડિક ની ડીગ્રી મેળવી છોટાઉદેપુર જિલ્લાનું તેમજ સમસ્ત રાઠવા આદિવાસી સમાજનો ગૌરવ વધાર્યો છે તેમને મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી વડોદરા સહલગ્ન બરોડા મેડીકલ કોલેજ અને એમ.એસ.જી હોસ્પિટલ વડોદરામાંથી ડિગ્રી મેળવેલ છે ડોક્ટર હર્ષ કુમારના માતા-પિતા શિક્ષક છે તથા તેઓની બહેન ડોક્ટર ભાવિનીબેન હાલ વડોદરા મહાનગરપાલિકા આરોગ્ય વિભાગમાં પીડિયાટ્રીશયન તરીકે ફરજ બજાવી રહ્યા છે.

## ડભોઈમાં સગીરા પર દૂષ્કર્મ બદલ નરાધમને 20 વર્ષની કેદ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.22

ડભોઇ સેશન કોર્ટે સગીરાને ભગાડી તેની મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મ કરી ગર્ભવતી બનાવવાના ગંભીર ગુનામાં આરોપીને 20 વર્ષની કઠોર કેદની સજા ફટકારી છે. સાથે જ આરોપી પર રૂ.25,000 નો દંડ અને ભોગ બનનાર સગીરાને લીગલ ઓથોરિટી સેલ મારફતે રૂ.10.40 લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ડભોઇ તાલુકાના એક ગામની સગીરાને પટાવી, ફોસલાવી તથા ધાક-ધમકી આપી સંજય ઘનશ્યામભાઈ વસાવા નામના આરોપીએ ભગાડી હતી. આરોપી સગીરાને લાંબા સમય સુધી પોતાની સાથે રાખી પોલીસ અને પરિવારજનોની નજરથી



દૂર રહ્યો હતો. આ દરમ્યાન સગીરાની ઈચ્છા વિરુદ્ધ વારંવાર શારીરિક શોષણ કરાતા તે ગર્ભવતી બની હતી.

સગીરાના પરિજનોની ફરિયાદના આધારે પોલીસે પોક્સો અને બળાત્કારની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. તપાસ દરમિયાન સગીરા તથા આરોપીના મેડિકલ રિપોર્ટ, તપાસના દસ્તાવેજી પુરાવા, સગીરાની જુબાની અને સરકારી વકીલની અસરકારક દલીલોને આધારે સેશન કોર્ટે આરોપીને દોષિત ઠેરવી કઠોર સજા સંભળાવી હતી.

સજાનો હુકમ સંભળાતાં જ આરોપીના સગાસંબંધીઓ સહિત કોર્ટ પરિસરમાં સન્નાટો વ્યાપી ગયો હતો.